India Media Monitor

# Suryakal

## Hotels to open its 3rd specialty pilgrimage property in Dwarka, Gujarat

**Date: 22/01/2013 | Edition: Ahmedabad | Page: 5 | Source: Bureau | Clip size (cm): W: 13 H: 14**

**Clip: 1 of 1**

# દૈવિક હોટેલ્સે ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા.લિ.ની રચના માટે પબુભા માણેક પરિવાર સાથે હાથ મિલાવ્યા

અમદાવાદ, સોમવાર

ભારતની સૌપ્રથમ ફોર-સ્ટાર પીલગ્રીમ હોટેલ્સ ચેઈન દૈવિક હોટેલ્સે દ્વારકાના અગ્રણી ઉદ્યોગ જૂથ પબુભા માણેક પરિવાર સાથે સંયુક્ત સાહસ શરૂ કર્યું છે. ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા.લિ.ના નામ હેઠળ સંચાલિત આ સંયુક્ત સાહસ દ્વારકામાં સૌપ્રથમ મિલકતની સ્થાપના સાથે ગુજરાતમાં પીલગ્રીમેજ હોસ્પિટાલિટીનો અજોડ કન્સેપ્ટ રજૂ કરશે.

સૂચિત દૈવિક હોટેલ્સ દ્વારકા હોટેલ અંદાજિત રૂ.૪૫ કરોડના પ્રારંભિક રોકણ સાથે એક ગ્રીન ફિલ્ડ પ્રોજેકટ હશે અને તે વર્ષ ૨૦૧૫ સુધીમાં કાર્યાન્વિત થશે. ગુજરાતમાં હોસ્પિટાલિટી ક્ષેત્રે આ પ્રકારનું સૌપ્રથમ સાહસ શરૂ થયું છે, જે માત્ર રાજયમાં યાત્રાધામોના પ્રવાસીઓને સુવિધા અને સાનુકૂળતા પૂરી પાડવા કટીબદ્ધા છે. દ્વારકામાં વાર્ષિક સરેરાશ ૫૦ લાખ લોકો ભગવાન કૃષ્ણના દર્શન કરે છે. રાજયમાં લોકપ્રિય યાત્રાધામોમાં પ્રવાસીઓ પર ધ્યાન કેન્દ્રિત કરતાં હોસ્પિટાલિટી બ્રાન્ડ સોમનાથ અને અંબાજી જેવા અન્ય સ્થળોમાં પણ વિસ્તરણની યોજના ધરાવે છે.

હોસ્પિટાલિટી બ્રાન્ડનો સૌપ્રથમ પ્રોજેકટ દૈવિક હોટેલ્સ તામિલનાડુમાં રામેશ્વરમ ખાતે કાર્યાન્વિત થઈ ગયો છે અને આંધ્ર પ્રદેશના તિરુપતિ ખાતે તેમનો ફલેગશિપ પ્રોજેકટ શરૂ થશે.

ઓખાના અગ્રણી ઉદ્યોગ જૂથ ઓખા મંડલના 'ભામાશા પરિવાર' તરીકે પ્રખ્યાત પબુભા માણેક પરિવાર છેલ્લા ચાર દાયકાથઈ શિપિંગ અને રીયલ એસ્ટેટ ક્ષેત્રનાં કાર્યરત છે. આ જૂથ ગ્રેસિયસ હોસ્પિટાલિટીને અંદાજે ૧.૨૦ એકર જમીન પૂરી પાડશે અને આગામી પ્રોપર્ટીઝ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પણ ઊભું કરશે. આ હોટેલ્સ દૈવિક હોટેલ્સ બ્રાન્ડ હેઠળ હશે અને દૈવિક હોટેલ્સ પ્રા.લિ. હોટેલનું સંચાલન કરશે. સૌપ્રથમ સાહસ દૈવિક હોટેલ્સ દ્વારકા સુપિરિયર, ડિલકસ અને સ્યુટના સંયોજન સાથે ૧૨૦ થી ૧૪૦ રૂમ્સની ક્ષમતા ધરાવશે. ફુલ સર્વિસ ૪-સ્ટાર ફેસિલિટી હેઠળ મલ્ટી-કુશન રેસ્ટોરાં, ફુલ્લી ફર્નિશ્ડ બેન્કવેટસ અને કિર્તન, ભજન્સ અને સમારંભો માટે એક એકિટવિટી રૂમ હશે. ઉપરાંત સ્પેશિયલ સ્પા અને તેના સંબંધિત અન્ય સુવિધાઓ તથા પુસ્તકો, સંગીત, આર્ટિફેકટસ, પરંપરાગત ઝવેરાત અને મેમેન્ટોસ પણ અહીં ઉપલબ્ધ હશે.